૫ વર્ષના બાળકમાં બીજા બાળક કરતા અલગ અને મહત્વ પૂર્ણ દેખાવાની જિજ્ઞાસા રહે છે. સહેજ વાતે રિસાઇ જવું સમજાવાથી માની જવું પ્રોત્સાહન અને વખાણ કરવાથી તેનુ આત્મવિશ્વાસ વધે છે. મિત્રો સાથે રમત રમવી વસ્તુ વહેંચવી સાથે મળીને કામ કરવું સહકારની ભાવના ઘરમાં માતા-પિતા, વડીલોનો આદર કરવો, શિક્ષકોનું સન્માન કરવું તેમની કહેલી વાતો માનવી જેવા સારા ગુણોના વિકાસનો પાયો આજ ઉંમરેથી બાળકમાં નાખવામાં આવે તો તે ભવિષ્યનો એક સારો નાગરિક અને છે.

**(૨) વિષયના શબ્દોનું અર્થઘટન :**

- **શારીરિક મનોવલણ**:- દોડવું, કૂદાકૂદ કરવું, રમકડાં રમવા, પેન્સિલ પકડવી, રંગ પૂરવા, કાગળ ફાડવું, હિંચકા હિચવું, લપસણી કરવું, સીડીઓ ચડવી ઉતરવી
- **માનસીક મનોવલણ**:- વાર્તા સાંભળીને સમજવું, પઝલ કે ચિત્રો ઓળખવા, આકાર, રંગ, અક્ષર, અંક ઓળખવા, પ્રશ્નો પૂછવાની ટેવ
- **ભાવનાત્મક મનોવલણ**:- ગુસ્સો, આનંદ, દુઃખ વ્યકત કરવું, અન્ય બાળકો સાથે વસ્તુની વહેચણી કરવી પોતાના કાર્યમાં આત્મવિશ્વાસ હું કરીશ મને આવડે છે. જેવી ભાવના નિષ્ફળતા સહન કરવાની ક્ષમતા.
- **સામાજીક મનોવલણ**:- મિત્રો સાથે રમતો રમવી, જૂથ રમતો પ્રવૃતિઓમાં સહકાર, શિક્ષક અને વડીલોની વાત માનવી, વડીલોનો આદર કરવો, વસ્તુની આપ લે ની ભાવના.
- **ભાષાકીય મનોવલણ**:- વાર્તા કહેવી, બાળગીતો ગાવાં, નવા શબ્દો, વાર્તા, ગીતો શીખવામાટે ઉત્સુકતા અને નવી વાકય રચના કરવી, બીજાને સમજાવવાના પ્રયત્નો કરવા.
- **સર્જનાત્મક મનોવલણ**:- રંગોથી ચિત્રો દોરવા, બાળગીતો, વાર્તા દ્વારા રોલ પ્લે, ગીતો ગાવામાં રસ બતાવવો.

**(૩) વિષયની પસંદગી શા માટેકરી ? કેવી રીતે ?** આ વિષય પસંદ કર્યો કારણ કે,


(૧) આ ઉંમરે બાળક ખૂબ ઝડપથી બદલાય છે.

(૨) તેના વિચારો, લાગણીઓ અને વર્તનમાં નવો બદલાવ જોવા મળે છે.

(૩) શાળા જવાનું શરૂ થાય છે, એટલે શીખવા અને સમજવાની શકિત વધે છે.

(૪) બાળકોના મનને સમજીને જ માતા-પિતા અને શિક્ષક તેને યોગ્ય માર્ગદર્શન આપી શકે છે.

(૫) આ વિષય ભવિષ્યમાં બાળકોને સારી રીતે ઉછેરવા માટે મદદ રૂપ બને છે.




**(૪) સંશોધન માટે કયા નમૂના પસંદ કરવામાં આવ્યા છે ? શાળાનું નામ : નારાયણ વિદ્યાલય, શિશુ-૨**

**સંશોધન** : વર્ગમાં ભણતા દરેક બાળકને ભણવતા અનુભવેલ મૂંઝવણો અને દરેક બાળકને શિક્ષણ આપવા કરેલ જુદાં-જુદાં પ્રયત્નો અને ત્યાર બાદ તેમાં મળેલ સફળતા.

**(૫) સંશોધન માટે કઇ પદ્ધતિઓનો ઉપયોગ કર્યો ?**

ધોરણ: શિશુ-૨ ના વિદ્યાર્થીઓ કે જે જાતે કેવી રીતે લખવુ અને લખેલા શબ્દો ઓળખવા તેમજ લખાણને વાચવાં પ્રયત્ન કરે તે માટે તેમને નાની-નાની વાર્તા- બાળગીતો, જોડકણાં દ્વારા લખાવાનો પ્રયત્ન કર્યા જે બાળકને લખવાનું પસંદ નથી કે જે લખવામાં ધ્યાન નથી આપી શકતા તેવા બાળકોને મૌખિક દ્વારા અને રમત-ગમત કરાવતા લખાવાનો પ્રયત્ન કર્યો શિશુ વિભાગના વિદ્યાર્થીઓની વય મર્યાદા પ્રમાણે બાળકને રમત-ગમત અને બાળગીતો, વાર્તા દ્વારા શિક્ષણ આપવામાં આવે છે.જે તે જલ્દી સમજી શકે છે. પૂર્વ પ્રાથમિક વિભાગમાં સંસ્કાર ગીત અને સંસ્કાર વાર્તાઓનો ખૂબ મહત્વ છે.

**(૬) સંશોધન પ્રકીયા કેવી રીતે કરી ? પ્રકીયાનું વર્ણન.**

**સમસ્યા:** ધોરણ શિશુ-૨ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને લખવા, વાંચવામાં પડતી મૂશ્કેલી અને તેનુ નિરાકરણ પૂર્વ પ્રાથમિક વિભાગના વિદ્યાર્થીઓ કે જેમના માટે શાળા શિક્ષણનું પ્રથમ પગથિયું છે તે જયારે શિશુ-૧ માંથી ધોરણ શિશુ-૨ માં પ્રવેશે છે. ત્યારે પ્રથમ વાર જાતે લખવા વાંચવા માટે પડતી મુશ્કેલી નીચે મુજબ છે. શિશુ- વિભાગમાં ૫ થી ૬ વર્ષના બાળકો કે જે પેન્સિલ પકડતા શીખી જાતે લખવા સુધી પહોંચે છે. પછી તે પોતાના જાતે લખેલા શબ્દો વાંચી તેજ શબ્દોને બોલીને અને લખીને બતાવવા સુધીનો સમય ગાળો શિક્ષક તરીકે મારી દ્રષ્ટિએ દરેક બાળકની શિખવાની વૃતિ જિજ્ઞાસા અલગ-અલગ હોય છે. અમુક બાળક બોલીને સમજે છે. અમુક બાળકને ગીતો ગાતા શીખવાનું ગમે છે. અમુક બાળક વાર્તા દ્વારા જલ્દી સમજે છે.